રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.
સરકારી પુસ્તકાલયની સામે,
સેકટર-૨૧,ગાંધીનગર.
તા: ૬/૨/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

**વિષય: "નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૧૮ પરીણામ બાબત.**

શ્રીમાન,

ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS)પરીક્ષા,રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા તા:૨૩/૧૨/૨૦૧૮, રવિવારના રોજ યોજવામાં આવેલ હતી.સદર પરીક્ષાની ફાઇનલ આન્સર કી, પરીક્ષાનું પરીણામ,પરીણામ અંગેનું જાહેરનામું તથા મેરીટ યાદી www.sebexam.org વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે.

આગામી ગુણોત્સવ કાર્યક્રમમાં શાળા મુલ્યાંકનના વિધાનોમાં NMMS-2018 પરીક્ષામાં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા અને મેરીટમાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા અંગેના વિધાનોનો સમાવેશ કરવામાં આવેલ છે. આથી શાળા દ્વારા શાળા મુલ્યાંકનના વિધાનો માહિતી ભરી શકાય તથા મેરીટમાં આવેલ વિદ્યાર્થીઓનું શાળામાં ગુણોત્સવ દરમિયાન આવનાર મહાનુભાવ હસ્તે વેબસાઇટ પરથી ડાઉનલોડ કરેલ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવા સંબધિત શાળાઓને સૂચના આપવા વિનંતી છે.

- વિદ્યાર્થી પરીક્ષામાં મેળવેલ ગુણનું <u>ગુણપત્રક</u> વેબસાઇટ પર આપેલ "Result" ઓપ્શનમાં વિદ્યાર્થીનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
- આ ઉપરાંત મેરીટમાં આવતા વિદ્યાર્થીઓ માટે <u>પ્રમાણપત્ર</u> વેબસાઇટ પર આપેલ "Result" ઓપ્શનમાં વિદ્યાર્થીનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખના નાખી ડાઉનલોડ કરી શકાશે.

પરીક્ષા અંગેની વિસ્તૃત વિગતો સાથેનું જાહેરનામું ઉપરોક્ત વેબસાઇટ પર મુકવામાં આવેલ છે. જેની સર્વે સંબધિત શાળાઓ તથા વિદ્યાર્થીઓને જાણ કરવા વિનંતી છે.

ક્રમાંક / ૯૬૨૧
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૧૮-૨-૨૦૧૯

- નકલ રવાના જાણ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક & ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,